# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


**પ્રેસનોટ:- 02** **તા.17-08-2021**

## સુરેન્દ્રનગર જીલ્લા આ યાત્રા દરમ્યાન લોકોનો ખુબજ પ્રેમ આવકાર અને સન્માન મળ્યું જેનું હું,ઋણી રહીશ:- શ્રી મહેન્દ્રભાઈ મુંજપરા

## દરેક માણસો યોગ કરે તેમજ કુપોષણ નાબૂદ કરવાનું વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબનું એક ધ્યેય છે :- શ્રી મહેન્દ્રભાઈ મુંજપરા

ભારતીય જનતા પાર્ટી પ્રદેશ મિડીયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે ભારતીય જનતા પાર્ટી દ્વારા 16 ઓગસ્ટથી જન આશીર્વાદ યાત્રાની શરૂઆત કરવામાં આવી છે, જેમાં ગુજરાતના પાંચેય આગેવાનોએ યાત્રાની શરૂઆત કરી છે આજે જન આશિર્વાદ યાત્રા તારીખ 17 ઓગસ્ટના રોજ સાયલા, મુળી, ચોટીલા, વાંકાનેર, માટેલ, હળવદ સુધી યાત્રા થઈ

સુરેન્દ્રનગરના સાંસદ અને કેન્દ્રીય મંત્રીશ્રી મહેન્દ્રભાઇ મુજપરાએ જન આશીર્વાદ યાત્રાના બીજા દિવસ ની યાત્રાનો પ્રારંભ બોડિયા પાટિયા ગામ ખાતે થી કરવામાં આવ્યો જ્યાં સૈનિક પરિવારનું અભિવાદન કરવામાં આવ્યું. અલગ-અલગ ગામોમાં ફરીને સાયલા લાલજી મહારાજની જગ્યામાં પોંહચી હતી. જ્યાં મંહતોના આર્શીવાદ લીધા. સાયલા ખાતે તેમના સંસદિય ક્ષેત્રમાં એક એમ્બ્યુલન્સ ફાળવણી કરવામાં આવી હતી. અને દર્દીઓ માટે ખુલ્લી મૂકવામાં આવી હતી.

મંત્રીશ્રી મહેન્દ્રભાઇ મુંજપરાએ વધુમાં જણાવ્યુ કે, સુરેન્દ્રનગર જીલ્લા આ યાત્રા દરમ્યાન લોકોનો ખુબજ પ્રેમ આવકાર અને સન્માન મળ્યું જેનું હું ઋણી રહીશ. આવનારા સમયમાં જીલ્લામાં એક આયુર્વેદિક હોસ્પિટલ શરૂ કરાશે તેમજ પ્રજા હિતના કાર્યો માટે કરોડોના ખર્ચ કરાશે. આ યાત્રા જીલ્લામાં 400 થી વધું કીલોમીટર ફરશે અને ધાર્મિક સ્થળો, સૈનીકો, વડીલો, શહીદ પરીવારોના આર્શીવાદ લેશું.

જન આશીર્વાદ યાત્રા કુલગ્રામ ખાતેથી પસાર થઈ ત્યારે ગામજનો દ્વારા સ્વાગત કરવામાં આવ્યું. જ્યાં પુર્વ સૈનિકનું કુલહાર પહેરાવી અભિવાદન કરવામાં આવ્યું. સાંધાણી બસ સ્ટેન્ડ ખાતે ગામના સૌ આગેવાનો દ્વારા કેન્દ્રીય મંત્રીશ્રી મહેન્દ્રભાઈ મુંજપુરાજીનુ સ્વાગત કરવામાં આવ્યું.

મંત્રીશ્રી મહેન્દ્રભાઈ મુંજપુરાએ ચોટીલા ખાતે ઝવેરચંદ મેઘાણીજીના જન્મસ્થળ પર પહોંચી તેમને શ્રદ્ધાંજલિ અર્પી. ચોટીલા ખાતે જન આશીર્વાદ યાત્રાનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું ત્યારબાદ ચામુંડા માતાજીના દર્શન કર્યા. માન્ય પદ્મશ્રી શાહબુદ્દીન રાઠોડજીના હસ્તે મંત્રીશ્રી મહેન્દ્રભાઈ મુંજપુરાનુ સન્માન કરવામા આવ્યુ. વાંકાનેર ખાતે સામાજિક કાર્યકર્તાઓ, વેપારીઓ, એન.જી.ઓ તથા દરેક જ્ઞાતિજનો દ્વારા મંત્રીશ્રીનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું.

શ્રી મહેન્દ્રભાઈ મુંજપરાએ ચોટીલા ખાતે યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમા જણાવ્યુ કે, સાંસદ તરીકે મળતી ગ્રાન્ટની ફાળવણી લોકોની આરોગ્ય અને સુખાકારી તેમજ વિકાસના કામોમા સમયસર વપરાય માટે હું

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

હંમેશા સક્રિય રહી કામ કરીશ. માન.વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે લાલ કિલ્લા ઉપરથી 15મી ઑગસ્ટના પ્રવચન વખતે કીધું કે, આ દેશમાં દરેકને હવે ફોર્ટિફાઈડ રાઈસ મળશે.

શ્રી મહેન્દ્રભાઇ મુંજપરાએ વધુમાં જણાવ્યુ કે, મંત્રીશ્રી એ વાંકાનેર ખાતે સામાજિક કાર્યકર્તાઓ વેપારીઓ એન.જી.ઓ તથા અનેક જ્ઞાતિના અગ્રણીઓ દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું તે બદલ સૌ નો આભાર.

જન આશીર્વાદ યાત્રા તથા પ્રેસ કોન્ફરન્સમા યાત્રાના સંયોજકશ્રી જયંતિભાઈ કવાડીયા, શ્રીમતી વર્ષાબેન દોશી, શ્રી નીતિનભઈ ભારદ્વાજ, શ્રી પ્રકાશભાઈ સોની, શ્રી જગદીશભઈ મકવાણા, શ્રી કિશનસિંહ સોલંકી, શ્રી હિતેશ પટેલ , શ્રીમતી રાજિકાબેન કચેરીયા, જિલ્લા પ્રમુખો, મહામંત્રીશ્રીઓ જિલ્લા ટીમ, કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા.

ડૉ યજ્ઞેશ દવે
**(પ્રદેશ મીડિયા કન્વીનર)**